GJMH010003132019

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૫/૦૧/૨૦૧૯ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૭/૦૬/૨૦૧૯ |
| ફેંસલ તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૭ ૦૧ ૧૨ |

**મહેસાણાના છઠ્ઠા અધિક સેશન્સ જજશ્રીની અદાલત, મુ.મહેસાણા**

ફોજદારી રીવીઝન અરજી નં.૦૬/૨૦૧૯

સોહાના ઇમરાનભાઇ મોદન તે ઉસ્માનગની દલાલની દિકરી
તથા સગીર ઝેબા ઇમરાનભાઇ મોદનના કુદરતી વાલી અને ઇષ્ટમીત્ર
ઉ.વ.આ.૩૮, ધંધો ઘરકામ,
રહે. ઘાંચીવાસની મસ્જીદ પાસે, ઘાંચીવાસ,
સોની બજાર, મુ. કડી, તા. કડી. જી. મહેસાણા ... અરજદાર

વિરૂદ્ધ

(૧) ઇમરાનભાઇ દાજીભાઇ મોદન
ઉ.વ. ૪૨ આ., ધંધો : વેપાર,
રહે. બ્લોક–બી, છઠોમાળ, જે.જે.હોસ્પિટલની પાછળ,
સરીચલ બાગ, મુંબઇ

(૨) શ્રી સરકાર ... સામાવાળા

બાબત : ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ– ૩૯૭ મુજબ રીવીઝન અરજ

**◄॥ આંક ૧ નીચે હુકમ ॥►**

(૧) અરજદારે કડીના વિ. અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૧૨૫ અન્વયે ફો.પ.અરજી નં.૭૫૬/૨૦૧૬ દાખલ કરેલી. કડીના વિ. અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ તે ફો.પ.અરજીના કામે તા.૭/૪/૨૦૧૮ ના રોજ તે અરજી અંશત: મંજુર કરી, આ રીવીઝન અરજીના સામાવાળા નં.૧ ને અરજદારના ભરણ પોષણ પેટે માસિક રૂા.૧૫૦૦/- (એક હજાર પાંચસો) તેમજ સગીરના ભરણ પોષણ પેટે માસિક રૂા.૭૫૦/- ચડયેચડયા ચુકવી આપવા હુકમ ફરમાવેલ છે.

(૨) અરજદારે આ રીવીઝન અરજી તે હુકમથી નારાજ થઈ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૩૯૭ અન્વયે દાખલ કરેલ છે. અરજદારે આ અરજીથી વિ. ટ્રાયલ અદાલતે સામાવાળા નં.૧ ને ભરણ પોષણ ચુકવવાનો ફરમાવેલ ઉપરોકત હુકમ રદબાતલ ઠરાવી, અરજદારને માસીક રૂા.૨૫,૦૦૦/- તથા સગીર પુત્રીને રૂા.૨૦,૦૦૦/- સામાવાળા ભરણ પોષણ ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા વિનંતી ગુજારેલ છે.

(૩) આ અરજીની નોટીસ સામાવાળા નં.૧ ને બજવણી થયેલ નથી. રેકર્ડ વંચાણે લેતાં ફલીત થાય છે કે અરજદારે તા.૩/૩/૨૦૨૦ ના રોજ સામાવાળા નં.૧ ની નોટીસનો હાથબીડો હાથોહાથ આપવા અરજ ગુજારેલી, જે મંજુર કરવામાં આવેલ છે, બાદ તે હુકમની અમલવારી કરવા માટે કોઈ જ પ્રયત્ન અરજદાર તરફે કરવામાં આવેલ નથી. ત્યારબાદ અરજદારે તા.૧૯/૨/૨૦૨૧ ના રોજ સામાવાળા નં.૧ નુ નવું સરનામુ રજુ કરતા સામાવાળા નં.૧ ને નોટીસ પોલીસ કમીશ્નરશ્રી મારફતે બજવણી કરવાનો હુકમ ફરમાવવામાં આવેલ છે, જે સરનામે પણ નોટીસની બજવણી થયેલ નથી. રેકર્ડ વંચાણે લેતાં એવું પણ ફલીત થાય છે કે અરજદારે જાહેર કરેલ સરનામે નોટીસ ઈશ્યુ કરવામાં આવતા સીનીયર ઈન્સ્પેકટર, જે.જે.માર્ગ પોલીસ સ્ટેશન,

મુંબઇનાઓએ તા.૨૨/૭/૨૦૨૫ થી એવા મતલબનો રીપોર્ટ કરેલ છે કે સરનામુ અધુરૂં છે જેથી બજવણી થઇ શકેલ નથી. વળી, રેકર્ડ વંચાણે લેતાં ફલીત થાય છે કે લાંબા સમયથી અરજદાર કે તેમના તરફેના વિ.વ.શ્રી અદાલતમાં આ અરજીના કામે ઉપસ્થિત રહેતા નથી. રોજકામ વંચાણે લેતાં ફલીત થાય છે કે અરજદાર કે તેમના વિ.વ.શ્રી. તા.૫/૫/૨૦૨૨ થી હાજર રહેતા નથી. જેથી આ અદાલતે અરજદારને મુ.તા. ૨૧/૭/૨૦૨૫ ના રોજની નોટીસ ઇશ્યુ કરેલ છે જે આંક ૭ ની નોટીસ બજવણી થયેલ છે તેમ છતાં ત્યારબાદ અરજદાર કે તેમના વિ.વ.શ્રી હાજર રહેતા નથી તેવું રેકર્ડ અને રોજકામ વંચાણે લેતાં ફલીત થાય છે.

(૪) આમ, આ રીવીઝન અરજી સાત વર્ષ કરતા વધારે જુની છે અને તેની ઉપરોકત રેકર્ડકીય પરીસ્થિતી ધ્યાને લેવામાં આવે તો આ રીવીઝન અરજી દાખલ થયા બાદ સામાવાળા નં.૧ ને આજ દિવસ સુધી નોટીસની બજવણી થયેલ નથી, જે સરનામુ અરજદાર ધ્વારા જાહેર કરવામાં આવેલ છે તે સરનામુ અધુરૂ હોવાથી નોટીસની બજવણી થઇ શકે તેમ નથી તેવું સંબંધીત પોલીસ સ્ટેશન ધ્વારા આ અદાલતને રીપોર્ટ કરવામાં આવેલ છે બાદ અરજદાર ધ્વારા સામાવાળા નં.૧ નુ નવું સરનામુ જાહેર કરવામાં આવેલ નથી કે સામાવાળા નં.૧ પર નોટીસની બજવણી થઇ શકે તે માટે કોઇ હેતુલક્ષી પ્રયત્નો કરવામાં આવતા નથી. ઉલ્ટાનુ, અરજદારને આંક ૭ વાળી નોટીસની બજવણી થયેલ હોવા છતાં અરજદાર કે તેમના વિ.વ.શ્રી ઉપસ્થિત રહેતા નથી કે આગળની હેતુલક્ષી કાર્યવાહી ચલાવવામાં કોઇ સહકાર અદાલતને આપતા નથી. તેવા સંજોગોમાં આ અદાલત પાસે સદરહુ રીવીઝન અરજી સામાવાળા નં.૧ ના સરનામાના પુરતા સરનામાના અભાવે અને સામાવાળા નં.૧ પર નોટીસની બજવણીના અભાવે તેમજ અરજદારની હાજરીના અભાવે રદ કરવાનો હુકમ ફરમાવ્યા સિવાય અન્ય કોઇ વિકલ્પ રહેતો નથી, પરીણામે, ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા, આ

અરજીની વિશિષ્ટ પરીસ્થિતી અને સંજોગો નજરે આ રીવીઝન અરજી રદ કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે. વિ. ટ્રાયલ અદાલતનુ રેકર્ડ અને પ્રોસીડીંગ્ઝ આ હુકમની નકલ સાથે વિ. ટ્રાયલ અદાલતને પરત મોકલી આપવું.

હુકમ આજરોજ તા.૦૯ માર્ચ, ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

તારીખ: ૦૯/૦૩/૨૦૨૬
સ્થળ: મહેસાણા

(સુશીલ ભગવંતરાય ભટ્ટ)
છઠ્ઠા અધિક સેશન્સ જજ, મહેસાણા.
UIC No. GJ 00857